eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 300
January 06, 2012



## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૧૨/૨૦૧૧ના રોજ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન

રાજ્ય સરકારશ્રી દ્વારા સમાજનાં દરેક વર્ગોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી વિવિધ સેવાઓ પુરી પાડી ગુજરાતનાં અવિરત વિકાસમાં સામેલ કરી રહેલ છે. રાજ્ય સરકારશ્રી દ્વારા ગ્રામ્ય કક્ષાએ ગરીબ મેળાઓનું આયોજન કરી ગરીબોને સહાય કરવામાં આવી રહેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૩૦/૧૨/૨૦૧૧ના રોજ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન



રાજ્ય સરકારશ્રી દ્વારા સમાજનાં દરેક વર્ગોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી વિવિધ સેવાઓ પુરી પાડી ગુજરાતનાં અવિરત વિકાસમાં સામેલ કરી રહેલ છે. રાજ્ય સરકારશ્રી દ્વારા ગ્રામ્ય કક્ષાએ ગરીબ મેળાઓનું આયોજન કરી ગરીબોને સહાય કરવામાં આવી રહેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની તમામ આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળામાં "શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ"

બાળકોમાં થતી નાની મોટી બીમારીઓનાં ઈલાજ માટે ત્વરીત અને શ્રેષ્ઠ તબીબી સારવાર વિના મૂલ્યે ઉપલબ્ધ થાય તેમજ બાળકોને પોષણક્ષમ આહાર, સ્વચ્છ વાતાવરણ, સલામત પીવાનું પાણી અને આરોગ્યપ્રદ ટેવોની સાથે સારા સંસ્કારનું સિંચન થાય તેવા બહુવિધ હેતુઓને લક્ષમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા "શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ"ને અમલમાં લાવવામાં આવ્યો છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૯/૧૨/૨૦૧૧ના રોજ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન

રાજય સરકારશ્રી ધ્વારા સમાજનાં દરેક વર્ગોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી વિવિધ સેવાઓ પુરી પાડી ગુજરાતનાં અવિરત વિકાસમાં સામેલ કરી રહેલ છે. રાજય સરકારશ્રી ધ્વારા ગ્રામ્ય કક્ષાએ ગરીબ મેળાઓનું આયોજન કરી ગરીબોને સહાય કરવામાં આવી રહેલ છે. તેજ રીતે શહેરી વિસ્તારનાં ગરીબો માટે શહેરી ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરી ગરીબોને વિવિધ યોજનાઓ થકી સહાય કરી આર્થિક રીતે પુનરૂત્થાન કરવાનો મહા સંકલ્પ આદર્યો છે.






તા.૨૯/૧૨/૨૦૧૧ના રોજ ડો.શ્યામાપ્રસાદ મુખર્જી લેક ગાર્ડનની બાજુના સુરત મહાનગરપાલિકાના ક્રિકેટ ગ્રાઉન્ડમાં, કાંસાનગર, કતારગામ, સુરત ખાતે શહેરી ગરીબ કલ્યાણ મેળાનું આયોજન બપોરે ૨.૦૦ કલાકથી કરવામાં આવ્યું હતું. જેમાં વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ અને "હવે અમે ગરીબ રહેવું નથી" નાટક બાદ શહેરના પ્રથમ નાગરીક અને મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈએ સૌને આવકારતાં જણાવ્યું હતું કે, રાજયમાં ત્રીજા તબકકાનો ગરીબ કલ્યાણ મેળાના અંત ભાગ અંતર્ગત આજે અહીં આ આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ અલગ અલગ યોજનાના ૪ લાભાર્થીઓએ પોતાનો પ્રતિભાવ વ્યકત કર્યો હતો. રાજયના ગૃહ વિભાગના રાજય કક્ષાના મંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પટેલે પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, આ એક સંપૂર્ણ શુધ્ધ અને સાત્વિક કાર્યક્રમ દ્વારા સમાજના છેવાડાના માનવીના સર્વાંગી વિકાસ માટે પ્રતિબધ્ધતા બતાવી છેલ્લા ત્રણ વર્ષથી આના અમલ હેઠળ અંદાજે ૫૬ લાખ લાભાર્થીઓને ૮,૦૦૦ કરોડથી પણ વધુ રકમનું વિતરણ કરવામાં આવ્યું છે. અત્રે રજુ થયેલ પ્રતિભાવ આપનારાઓના વકતવ્યમાંથી ખ્યાલ આવે છે કે, વચેટિયાઓની નાબુદીને કારણે વિવિધ યોજનાઓનો સીધો લાભ પૂરેપૂરો, બલ્કે સમાજના શ્રેષ્ઠીઓના સહયોગને કારણે તેનાથી પણ વધુ લાભો જરૂરિયાત મંદોને મળી રહયા છે. જયોર્તિગ્રામ વિજળીકરણ યોજનાને કારણે નાના ગામો સુધી ૨૪ કલાક અવિરત વિજળી મળવાને કારણે આવા વિસ્તારોમાં કુટિર અને ગૃહ ઉદ્યોગોનો વિકાસ થવા પામ્યો છે. બેટી બચાવો, ગુણોત્સવ, કૃષિમેળા વિગેરેને કારણે સમાજના આર્થિક વિકાસ સાથે સામાજીક વિકાસનું પણ સરકાર ધ્યાન રાખી રહયાનું જણાવ્યું હતું. પ્રભારી મંત્રીશ્રી મા.મંગુભાઈ પટેલે પોતાના પ્રસંગોચિત વકતવ્યમાં જણાવ્યું હતું કે, આ વર્ષે ૨૧ હજારથી પણ વધુ લાભાર્થીઓને ૧૦૦ કરોડથી પણ વધુની સહાય આ વિસ્તારમાં કરવામાં આવી છે. ગત વર્ષમાં આખા દેશમાં ઉભી થયેલ રોજગારીની તકોમાં ગુજરાત રાજયનો ૭૧ ટકા જેટલો સિંહફાળો રહ્યો છે. જયારે આખા દેશના બાકીના રાજયો મળી ફકત ૨૯ ટકા વૃધ્ધિદર હાંસલ થયેલ છે. લાભાર્થીઓને પોતાને મળેલ સહાયનો સંપૂર્ણ ઉપયોગ કરી પોતાના કુટુંબના વિકાસ માટે તે ઉપયોગી બને અને રહ્યાસહ્યા વચેટિયાઓની દોરવણી હેઠળ મળેલ સાધનો વેચી રોકડ રકમ ન મેળવે તે મુજબ ધ્યાન રાખવા અનુરોધ કર્યો હતો. અને આ રીતે સરકારની વિવિધ યોજનાઓને સફળતા અપાવવા વિનંતી કરી હતી.

આજે સરકારશ્રી દ્વારા અમલમાં મુકાતી વિવિધ યોજનાઓ અને સુરત મહાનગરપાલિકા દ્વારા પણ અમલી જુદી જુદી ૧૦ સ્કીમના સુરત શહેરનાં ઓલપાડ અને ઉત્તર વિધાનસભા વિસ્તારનાં ગરીબ લાભાર્થીઓને વિવિધ યોજનાઓ અંતર્ગત રોકડ સહાય, સાધનો, કીટ વિગેરે જેવી અંદાજીત ૨૯ યોજનાઓનાં કુલ ૬૨૪૧ લાભાર્થીઓને રૂા.૨૦૯૦.૨૭ લાખ જેટલી માતબર સહાયનું વિતરણ કરવામા આવ્યું હતું. અંતમાં મા. ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણાએ ઉપસ્થિત તમામ સર્વેનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે માન.મંત્રીશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, શ્રી કિશોરભાઈ વાંકાવાલા, શ્રી કિરીટભાઈ પટેલ, ભરૂચના ધારાસભ્યશ્રી દુષ્યંતભાઈ પટેલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષ નેતા શ્રી દયાશંકરસિંગ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી ગીતાબેન પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અન્ય પદાધિકારીશ્રીઓ, લાભાર્થીઓ તથા જાહેર જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. મ્યુ.કમિશનરશ્રી એમ.કે.દાસના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સફળતાપુર્વક આયોજન કરવામાં આવ્યુ હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૩૦/૧૨/૨૦૧૧ના રોજ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન



રાજય સરકારશ્રી ધ્વારા સમાજનાં દરેક વર્ગોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી વિવિધ સેવાઓ પુરી પાડી ગુજરાતનાં અવિરત વિકાસમાં સામેલ કરી રહેલ છે. રાજય સરકારશ્રી ધ્વારા ગ્રામ્ય કક્ષાએ ગરીબ મેળાઓનું આયોજન કરી ગરીબોને સહાય કરવામાં આવી રહેલ છે. તેજ રીતે શહેરી વિસ્તારનાં ગરીબો માટે શહેરી ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરી ગરીબોને વિવિધ યોજનાઓ થકી સહાય કરી આર્થિક રીતે પુનરૂત્થાન કરવાનો મહા સંકલ્પ આદર્યો છે.

તા.૩૦/૧૨/૨૦૧૧નાં રોજ પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ ખાતે શહેરી ગરીબ કલ્યાણ મેળાનું આયોજન બપોરે ૩.૦૦ કલાકથી કરવામાં આવ્યું હતું. જેમાં વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ શહેરના પ્રથમ નાગરીક અને મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈએ સૌને આવકારતા જણાવ્યું હતુ કે સુરત મહાનગરપાલિકાએ લાભાર્થીઓના વિતરણની આ ખાસ સુવિધા અત્રે ઉપસ્થિત કરી છે. ત્યારબાદ અલગ અલગ યોજનાના ૫ લાભાર્થીઓએ પોતાનો પ્રતિભાવ વ્યકત કર્યો હતો. માન.મંત્રીશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ પોતાના પ્રસંગોચિત પ્રવચનમાં જણાવ્યું હતું કે ખરા ગરવી ગુજરાતમાં દેશના ૬% ભૌગૌલિક વિસ્તાર ધરાવતા રાજયમાં દેશના ઔદ્યોગિક વિકાસમાં ૨૫%નો હિસ્સો, એક્ષ્પોર્ટમાં ૨૨%નો હિસ્સો, ૧૩,૦૦૦ મેગાવોટથી વધુ વીજળીનું ઉત્પાદન, 40 SEZ , ૨૨૦૦ કિ.મી. ગેસલાઈન, નર્મદામાંથી ૧,૭૦૦ કિ.મી. પીવાના પાણીની લાઈન વિગેરેનું વર્ણન કર્યુ હતું તથા ઉમ્મીદ યોજના હેઠળ અંદાજે ૨૩,૦૦૦ યુવાનોને ટ્રેનીંગ આપી જે પૈકી ૧૬,૦૦૦થી વધુ યુવાનોને સ્વરોજગાર પૂરો પાડી હોવાનું ઉલ્લેખ્યું હતું. પ્રભારી મંત્રીશ્રી માન.મંગુભાઈ પટેલે જણાવ્યું હતું કે છેલ્લાં ત્રણ વર્ષમાં ગરીબ કલ્યાણ મેળાના આયોજન હેઠળ રાજયમાં ૫૭ લાખથી વધુ લાભાર્થીઓને ૮,૦૦૦ કરોડથી પણ વધુની સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે. આવા જ આયોજન હેઠળ ગામડાઓમાં પાણી પુરવઠા યોજના હેઠળ ખૂટતી રકમનું ગામના શ્રેષ્ઠીઓની સહાય લઈ લોકભાગીદારીથી યોજનાઓ અમલમાં મુકાઈ રહી છે. લાભાર્થીઓને પોતાને મળેલ સહાયનો સંપૂર્ણ ઉપયોગ કરી પોતાના કુટુંબના વિકાસ માટે તે ઉપયોગી બને અને રહ્માસહ્મા વચેટિયાઓની દોરવણી હેઠળ મળેલ સાધનો વેચી રોકડ રકમ ન મેળવે તે મુજબ ધ્યાન રાખવા અનુરોધ કર્યો હતો તથા વિવિધ યોજનાઓ હેઠળ મળતી સહાયમાંથી ઊપજ રોજગારીનો ઉપયોગ પોતાના બાળકોના અભ્યાસ માટે વધુમાં વધુ કરે એવી વિનંતી પણ કરી હતી. અને આ રીતે સરકારની વિવિધ યોજનાઓને સફળતા અપાવવા વિનંતી કરી હતી. કુલ ૨૬ યોજનાઓના ફકત પૂર્વ અને પશ્ચિમ વિધાનસભા મત વિસ્તારમાંથી ૪૫૧૫ થી પણ વધુ લાભાર્થીઓને અંદાજે રૂા.૩૯૬૫.૨૧ લાખથી પણ વધુની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. અંતમાં મા. ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણાએ ઉપસ્થિત તમામ સર્વેનો આભાર માન્યો હતો.




આ પ્રસંગે ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, શ્રી નાનુભાઈ વાનાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષ નેતા શ્રી દયાશંકરસિંગ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી ગીતાબેન પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અન્ય પદાધિકારીશ્રીઓ, લાભાર્થીઓ તથા જાહેર જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. મ્યુ.કમિશનરશ્રી એમ.કે.દાસના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સફળતાપુર્વક આયોજન કરવામાં આવ્યુ હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરની તમામ આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળામાં "શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ"

બાળકોમાં થતી નાની મોટી બીમારીઓનાં ઈલાજ માટે ત્વરીત અને શ્રેષ્ઠ તબીબી સારવાર વિના મૂલ્યે ઉપલબ્ધ થાય તેમજ બાળકોને પોષણક્ષમ આહાર, સ્વચ્છ વાતાવરણ, સલામત પીવાનું પાણી અને આરોગ્યપ્રદ ટેવોની સાથે સારા સંસ્કારનું સિંચન થાય તેવા બહુવિધ હેતુઓને લક્ષમાં રાખીને ગુજરાત સરકાર ધ્વારા "શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ"ને અમલમાં લાવવામાં આવ્યો છે. તા.૧૫/૧૧/૨૦૧૧ થી ૨૪/૦૧/૨૦૧૨ દરમ્યાન ચાલનાર આ કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકાના તબીબો ધ્વારા શહેરની તમામ આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના ૧૮ વર્ષની ઉંમર સુધીના તમામ બાળકો ઉપરાંત ૧૪ વર્ષની વય સુધીના શાળાએ ન જતાં બાળકોની પણ પ્રાથમિક તપાસણી કરી સ્થળ ઉપર સારવાર આપવામાં આવશે. અને જો જરૂર જણાય તો સંદર્ભસેવા માટે હેલ્થ સેન્ટરો,સ્મીમેર,મસ્કતિ અને નવી સિવિલ હોસ્પિટલ ખાતે પણ વિનામૂલ્યે તમામ પ્રકારની સારવાર આપવામાં આવશે. જે મુજબ સુરત શહેરના ૯ લાખ ઉપરાંત બાળકોને મફત નિદાન અને સારવારની સુવિધા પુરી પાડવાનું આયોજન સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ છે. હદય–કીડની, કેન્સર અને અન્ય ગંભીર બિમારીઓ માટે બાળકોને વિના મૂલ્યે સારવારની મંજુરી આપી અમદાવાદ ખાતે અદ્યતન હોસ્પિટલોમાં સંપૂર્ણપણે વિનામૂલ્યે સારવાર/દવા અને જરૂર જણાય તો ઓપરેશન પણ કરી આપવામાં આવે છે. જરૂરીયાતવાળા આંખના દર્દીઓના ચશ્મા પણ વિના મૂલ્યે રાજય સરકાર ધ્વારા પુરા પાડવામાં આવે છે.

તા.૧૫/૧૧/૨૦૧૧ થી ૨૪/૦૧/૨૦૧૨ સુધી ચાલનારા આ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૩૦/૧૨/૨૦૧૧ સુધી કુલ ૬૯૫૪૯૫ બાળકોની સ્વાસ્થ્યની તપાસ કરવામાં આવેલ છે. જે પૈકી ૪૩૯૩૭ બાળકોને સ્થળ ઉપર સારવાર આપેલ છે, જયારે ૪૧૧૭ બાળકોને વધુ સારવાર અર્થે ઉપર જણાવેલ સંદર્ભસેવા માટેની હોસ્પિટલોમાં રીફર કરી વિના મૂલ્યે સારવાર પુરી પાડવામાં આવી છે. આ ઉપરાંત ચાલુ વર્ષે હદય રોગના ૨૨ કીડનીના ૦૩ કેન્સરના ૦૨ અને અન્ય રોગો માટે ૦૧ દર્દીને તપાસ નિદાન/દવા અને જરૂર પડે ઓપરેશન સહીત વિનામૂલ્યે સારવારની મંજુરી આપી અમદાવાદ રીફર કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમ આગામી તા.૨૪/૦૧/૨૦૧૨ સુધી ચાલવાનો હોય શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન આપના બાળકની શાળામાં આવતા તબીબોની ટીમને બાળકની બીમારી વિશે જણાવી વિનામૂલ્યે સારવાર મેળવવા બાળકોના વાલીઓને અપીલ કરવામાં આવે છે.

TOP